




અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2018-20

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૧૨ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૪-૪-૧૮ શનિવાર







# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, અમરપુર (વરૂડી), અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૪ ચૈત્ર વદ ૧૪ વર્ષ : ૨૩ અંક ૨૦૭


### રાજુલાવાસીઓની મીટ સતરમીની બેઠક ઉપર મંડાઇ : પાલિકામાં કોંગ્રેસના બે ફાડીયા

# રાજુલામાં પાલિકામાં કોને મળશે પછડાટ : ૧૭મીએ ફેસલો

**સતાધારી કોંગ્રેસ પક્ષના જ ૧૯ સભ્યોએ જ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે**

**નારાજ સભ્યોને મનાવી લેવા માટે કોંગ્રેસ દ્વારા તમામ પ્રયાસો : તમામ ૧૯ નારાજ સભ્યોની એક જ જીદ પહેલા નગર પાલિકાના પ્રમુખ બદલો**

**૧૭મીએ અવિશ્વાસની દરખાસ્ત માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બેઠક**

રાજુલા,

અમરેલી જિલ્લા ના રાજુલા વિધાન સભા પર વર્ષો થી ભાજપ નો દબદબો હતો અહીં સતા માં ૨૦ વર્ષ થી

વિધાનસભાપાલિકાનીચૂંટણીમાંભાજપ નોસફાયોથયોહતોઅનેકૉંગ્રેસનીસ્પષ્ટ બહુમતીઆવીછેઅનેકૉંગ્રેસનાઘરમાં ૧માસથીભયાનકવિકરાળઆગલાગી

કાબુ માં આવતી નથી અહીં તાજેતર માં કૉંગ્રેસ ની બહુમતી આવતા મહિલા અનામતહોવાનેકારણેમીનાબેનવાઘેલા ને પ્રમુખ પદે બેસાડવા માં આવ્યા હતા

પ્રમુખસામેઅનેકપ્રકારનાઆક્ષેપોકરી નારાજ થયા હતા અને અવિશ્વાસ ની

દરખાસ્તમુકતાકૉંગ્રેસમાંભૂકંપસર્જાયો હતોત્યારબાદકૉંગ્રેસનાદિગજોસહીત

આકૉંગ્રેસનાજૂથવાદનેભેગાકરવાભારે

મહેનત કરી રહ્યા છે તો એક જૂથ સદસ્યો

(અનુસંધાન પાનાનં.૧૦)


## જ્ઞાનદિપ એજયુકેશન ટ્રસ્ટ

સંચાલિત

### શ્રીમતિ જમનાબેન એચ. રાદડીયા શૈક્ષણિક સંકુલ

મુ.ચરખા તા.બાબરા જી.અમરેલી પીન નં.૩૬૫૪૨૧

વર્ષ ૨૦૦૧ થી સ્વનિર્ભર ધોરણે કાર્યરત વિવિધ શૈક્ષણિક સંસ્થા માટે નીચેની વિગતે વિષય વાર શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવિ શિક્ષકોની જરૂર છે.

| ક્રમ | વિભાગ | લાયકાત | વિષય |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક | પી.ટી.સી.બી.એડ | તમામ વિષય |
| ૨ | માધ્યમિક | બી.એ.બી.એડ.– બી.એસ.સી.બી.એડ | અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સમાજવિદ્યા |
| ૩ | ઉચ્ચતર માધ્યમિક | એમ.કોમ.બી.એડ – બી.કોમ.બી.એડ.એમ.એ.બી.એડ | નામાના મૂળતત્વો, આંકડાશાસ્ત્ર, એસ.પી.બી.એ., અર્થશાસ્ત્ર, વાણિજય વ્યવસ્થા ગુજરાતી, અંગ્રેજી. |

- ચાલુ વર્ષે પી.ટી.સી. તથા બી.એડ કરતા ઉમેદવારો અરજી કરી શકશે.
- જરૂરી લાયકાતના પ્રમાણિત નકલ સાથે સ્વ. હસ્તાક્ષરમાં દિન ૭ માં અરજી કરવી.
- અરજી કર્યા બાદ મોબાઇલ નં.૯૬૬૨૬ ૩૩૨૮૨ પર S.M.S થી જાણ કરવી.

શાળાનો સમય સવારનો રહેશે. અનુભવી શિક્ષકોને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.


### સવારથી ધારીમાં લુખ્ખાઓ મુશ્કેલીમાં મુકાયા

## ધારીમાં લેડી સિંઘમ પીએસઆઇ જી.ડી. આહિરે હાજર થતા જ સપાટો બોલાવ્યો

**ટ્રાફીકની સમસ્યા હલ કરાતા લોકોની મુશ્કેલી દુર**



ધારી, નવનિયુક્ત પીએસઆઇ જી.ડી. આહિરને મુકાતા તેમણે કામગીરીના શ્રીગણેશ કર્યા છે ધારીમાં ઘણાં સમયથી ટ્રાફિકની સમસ્યા હતી તે ચાર્જ સંભાળતાની સાથે જ પ્રશ્ન હલ કરી ડાભાળી, જીરા, દેવળા, માધુપુર વગેરે ગામોમાં સખત પેટ્રોલિંગ શરૂ કરાવ્યું છે તેથી પીએસઆઇ જીડી આહિરની કામગીરીની આ પંથકમાં પ્રશંસા થઇ રહી છે.

## એલસીબીના પીઆઇ તરીકે શ્રી ગોસ્વામીની નિમણુક

**બીટ કોઇન મામલે બહી ચર્ચીત બનેલી ક્રાઇમ બ્રાંચમાં નવા અધિકારીની નિમણુંક**

અમરેલી,અમરેલીની એલસીબીના પીઆઇ તરીકે શ્રી સી.જે. ગોસ્વામીની નિમણુક કરાઇ છે. બીટ કોઇન મામલે બહી ચર્ચીત બનેલી ક્રાઇમ બ્રાંચમાં નવા અધિકારીની નિમણુંક કરાતા શ્રી ગોસ્વામીએ વિધિવત ચાર્જ સંભાળી લીધો હતો.

## અમરેલીના બે મુસ્લિમ જૂથો વચ્ચે સર્જાયેલી મારામારીમાં તમામની જામીન અરજીઓ નામંજૂર

અમરેલી,અમરેલીના બારપરા ઘાંચીવાડમાં ગત રાત્રીના મોહસીન ઇકબાલ સેલોતના ફઇ જીલુબેન સાથે જગડો કરતા હોય તેને સમજાવવા જતા સર્જાયેલી મારામારીના બનાવમાં તલવાર-પાઇપ વડે હુમલો થયેલો અને હવામાં ત્રણથી ચાર રાઉન્ડ ફાયરીંગના થયેલા આ બનાવમાં ઇકબાલ ઉર્ફે ભુપા ગની સેલોત, મોહસીન ઇકબાલ, ઇદ્રીસ ઇબ્રાહીમ અને સામેના જુથે રસીમ અબ્દુલ, શાહરૂખ રજાક, ફેજલ ફારૂખ, સુલતાન રાઠોડ, અમિન સુલેમાન વગેરે સામે ફરિયાદ થતા પોલીસે ધોરણસર કરી લોકઅપમાં ધકેલતા અમરેલીની ચીફ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ અરજી ચાલી જતા ચીફ કોર્ટે તમામ આરોપીઓની જામીન અરજી નામંજૂર કર્યાનું જાણવા મળેલ છે.









# લીલીયામાં શ્રી વલ્લભાચાર્યજીનો પ્રાગટયોત્સવ ઉજવાયો

**પ્રાગટયોત્સવ નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી : નંદ મહોત્સવ વર્ણાગી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોમાં વૈષ્ણવો ઉમટી પડયાં**

**બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં કાર્યક્રમોનું આયોજન : ગોઢાવદર, પુંજાપાદર સહિતના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ અનેક લોકો જોડાયા**





લીલીયા, લીલીયામાં બાલકૃષ્ણ લાલજીની હવેલી દ્વારા શ્રી મહાપ્રભુજી સેવા સમિતિ દ્વારા અખંડ ભૂમંડલાચાર્ય જગદ્દગુરૂ શ્રી વલ્લભાચાર્યનો ૫૪૧ મો પ્રાગટયદિન ધામધૂમ અને ભક્તિસભર ઉજવાયો હતો. જેમાં બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં સવારે ૧૧વાગ્યે નંદમહોત્સવ, બપોરે ૩વાગ્યે શ્રી વલ્લભાચાર્યજીના ચિત્રજીની વર્ણાગી સંગીત કિર્તન સાથે શહેરના મુખ્યમાર્ગો પર નીકળી હતી. ઠેર-ઠેર શરબત અને પાણીના સ્ટોલની વ્યવસ્થા કરી હતી. સાંજે ૬ વાગ્યે લેઉવા પટેલવાડીમાં ભોજન વ્યવસ્થા કરી હતી. રાત્રીના ૯ કલાકે હવેલી ખાતે કિર્તનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લીલીયા-ગોઢાવદર-પુંજાપાદરના વૈષ્ણવો પણ જોડાયા હતાં.

સમગ્ર આયોજન મુખ્યાજી રવિભાઈના માર્ગદર્શન નીચે મહાપ્રભુજી સેવાસમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કુંડલામાં સંતમિલન : અલ્હાજ સરકાર શ્રી દાદાબાપુના આંગણે સતાધારના લઘુમહંત શ્રી વિજયબાપુ

**સાવરકુંડલામાં અદ્દભુત સંતમિલન સર્જાતા લોકો દર્શને ઉમટયા**



સાવરકુંડલા,
સમાજમાં સંતો મહંતો એ દર્પણ છે સમાજને એકરાહ, નેકરાહ પર લોકોને લઈ જવાનું કાર્ય સંતો જ કરી શકે છે આવા જ સમાજના બે અલગ અલગ સમુદાયના સંતોનું અદકેરું મિલન સાવરકુંડલા માં થયું હતું સમગ્ર મુસ્લિમ સમાજના રાહબર અને કોમી એકતાના હિમાયતી ગણાતા અલ્હાજ સરકાર દાદાબાપુ કાદરી ના આંગણે પ્રસિદ્ધ સતાધાર ની ભૂમિ ના સંત શિરોમણી પૂજ્ય વિજયબાપુ પધારતા અદકેરું મિલન સર્જાયું હતું વ્યસન મુક્તિ અભિયાન ચલાવીને વ્યસનના દુષણ ને દૂર કરવા સૂફીસંત અલ્હાજ દાદાબાપુ કાદરીના ભગીરથ પ્રયાસને બિરદાવવા ખુદ સતાધારના મહંત પૂજ્ય વિજયબાપુ સૂફીસંતના નિવાસસ્થાન બાગે રહેમત ખાતે પધારી ને એકતા, અનેકતા અને અખંડિતાના સમન્વયનો સૂરજ જોવા મળ્યો હતો સૂફીસંત દાદાબાપુ ની સમાજલક્ષી વ્યસન મુક્તિ અભિયાનની સરાહના કરીને સમાજમાં સંતો જ લોકોને સારા અને સાચા માર્ગે લઈ જતા હોવાનું પૂજ્ય વિજયબાપુ એ જણાવ્યું હતું અને સૂફીસંત ની સેવાને બિરદાવીને એક મંચ પર બે સમાજના સંતોએ સમાજમાં પડેલા જ્ઞાતિ, નાત જાત ના વાડાઓથી દૂર સમાજ સમરસતાની મિશાલ જોવા મળી હતી પૂજ્ય વિજયબાપુ નું શાલ ઓઢાડીને સૂફીસંતે સન્માન કર્યું હતું અને ૧ કલાક સુધી વ્યસન મુક્તિ સાથે સમાજના રાહબરોએ ચર્ચા વિચારણાઓ કરીને કોમી એકતાની અનોખી પ્રણાલી સાવરકુંડલા માં જોવા મળી હતી અત્રે ઉલ્લેખનીય છેકે હજુ થોડા દિવસો પહેલા ફીફાદ ખાતે ના મુસ્લિમ સમુહલગ્નમાં પૂજ્ય મોરારીબાપુ અને સૂફીસંત દાદાબાપુ એકમંચ પર આવીને સામાજિક એકતા પર ભાર મુક્યો હતો ત્યારે આજે પ્રસિદ્ધ સતાધાર ની જગ્યાના મહંતશ્રી પૂજ્ય વિજયબાપુ એ સૂફીસંત ના આંગણે પધારીને સામાજિક સમરસ્તાના દર્શન જોવા મળતા હતા સાવરકુંડલા સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ ઈરફાનભાઈ કુરેશી સહિત મુન્નાભાઈ કાદરીએ પૂજ્ય વિજયબાપુને સન્માનિત કર્યા હતા ત્યારે સંત શુરાની ભૂમિ કાઠિયાવાડમાં હિન્દૂ મુસ્લિમ સમાજના બે સંત શિરોમણી નું અદકેરું મિલન સાવરકુંડલા માં થયું હતું

**ધરતીપુત્રો કાળી મહેનત કરે પણ ધારી ઉપજ કયાંથી આવે ?**

# રાજુલાના માંડણમાં બનાવટી બિયારણનો કારોબાર : ખેડુતોને લૂંટવાના ગોરખધંધા

**જંતુનાશક દવાઓની દુકાનો ઉપર માન્યતા વગરના કપાસના બિયારણનો બેરોકટોક થઇ રહેલો વેપાર**

માંડણ,
અમરેલી જિલ્લામાં અનેક જગ્યાએ કપાસના બિયારણ માટે ફરિયાદો ઉઠતી રહે છે રાજુલા તાલુકાના માન્યતામાં કપાસના બનાવટી બિયારણનો મોટો કારોબાર થઈ રહ્યો હોવાની ચર્ચાએ ખળભળાટ મચાવ્યો છે.

માંડણ ગામમાં જંતુનાશક દવાની દુકાનો માં માન્યતા વગરના અભયારણ્ય મળી રહ્યા હોય ખેતીવાડી અધિકારીઓ તાત્કાલિક ચેકિંગ કરી અને પગલા લે તે જરૂરી છે નહીંતર અને ખેડૂતો માન્યતાઓ ઘરના હલકા બિયારણ વાપરી અને માથે હાથ દઈ ને રડશે તેમાં કોઈ શંકા નથી

## રાજુલાનાં ખાખબાઇની યુવતીને સાસરીયાઓનો ત્રાસ

**અવાર નવાર ગાળો બોલી દુખ,ત્રાસ આપી માર મારી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી,
રાજુલા તાલુકાના ખાખબાઈની યુવતીના લગ્ન વલસાડ જિલ્લાના પારડી ગામે હરેશ કુકા જીંજાડા સાથે થયેલ. પતિ હરેશ ઉકા જીંજાડા તેના માવતરેથી પૈસા લઈઆવ તેમ કહી અવાર નવાર શારીરીક અને માનસીક દુખત્રાસ આપી જેઠ બીપીન જીંજાળા, દિયર વલ્લભ ચકુર, જેઠા લાલજી આણંદને ચડાસમણી કરી ખાખબાઈ આવી માર મારી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**પિતાશ્રીએ કહ્યુ કે 'ગામડાઓમાં રહી લોકોની સેવા કર' અને ડો. મગનભાઇ સોહાગીયાએ બીડુ ઉઠાવી લીધું**

# વંડામાં પચાસ વર્ષથી એમબીબીએસ ડોકટર માત્ર ૨૦ રૂપિયામાં નિદાન કરી અને દવા પણ આપે છે

**કોંગ્રેસ દ્વારા અપાઇ રહેલી વિધાનસભાની ટીકિટને ઠોકર મારી સરકારી નોંકરી છોડી અને લોકસેવાને ૫૦ વર્ષથી જીવનમંત્ર બનાવ્યો છે ડો. મગનભાઇ સોહાગીયાએ : આજના જમાનાની મોંઘીદાટ આરોગ્ય સેવાઓ સામે પ્રેરણારૂપ**





અમરેલી(અશોક હાવળીયા),
સાવરકુંડલા તાલુકાના વંડા ગામમાં એક એવા ડોક્ટર છે કે જે આજે પણ માત્ર ૨૦ રૂપિયામાં નિદાન કરી અને દર્દીને દવા આપે છે એક સમયે તેમને કોંગ્રેસ સવાર કુંડલા વિધાનસભાની ચૂંટણી લડાવવા માટે ઈચ્છુક હતી તેવા જુના આગેવાન અને ૧૯૬૭માં વંડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એમબીબીએસ ડોકટર તરીકે પ્રેક્ટિસ છોડી અને તે સમયે માત્ર રૂપિયા પાંચમાં દર્દીનું નિદાન કરી દવા આપવાનું શરૂ કર્યું હતું આજે એ વાતને અડધી સદી થવા છતાં વંડા ના સેવાભાવી એમબીબીએસ ડૉ શ્રી મગનભાઈ ભીમજીભાઈ સોહાગીયા સેવા આપી રહ્યા છે

જામનગર ખાતે ૧૯૬૩માં એમ.બી.બી.એસ કર્યા બાદ સાવરકુંડલાની સરકારી કે કે હોસ્પિટલમાં આર.એમ.ઓ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે જાણીતા ઉદ્યોગપતિ શ્રી ગફુરભાઈ બિલખિયા ના મિત્ર એવા ડૉ મગનભાઈ સોહાગીયાને અમદાવાદ પ્રેક્ટિસ માટે જવું હતું પરંતુ ડોક્ટર મગનભાઈને ગામડાની માયા લાગી ચૂકી હતી આજે આજે વંડાની વિખ્યાત બિલખીયા કોલેજના ટ્રસ્ટના તેઓ પ્રમુખ છે.

૧૯૮૦ ની સાલમાં કોંગ્રેસ દ્વારા ડોક્ટર મગનભાઈ સોહાગિયા સાવરકુંડલા વિધાનસભા લડાવવાનો નક્કી થયું હતું પરંતુ સેવાનાકાર્યમાં વ્યસ્ત એવા ચૂંટણી લડવાનો ઈનકાર કરી દેતાં તેની જગ્યાએ શ્રી રામજીભાઈ ધાબાવાળાને ટિકીટ આપવામાં આવી હતી અને તેઓ ચૂંટણી લડી ધારાસભ્ય બન્યા હતાં

ડોક્ટર મગનભાઈ સોહાગીયા પિતાશ્રીએ તેમને સલાહ આપી હતી કે ગામડાઓમાં પણ જન્મ લીધો છે તો ગામડાંઓની સેવા કરવી જોઈએ જેના કારણે તે જમાનાને એમ.બી.બી.એસ ડોક્ટરની પદવી હોવા છતાં ડોક્ટર મગનભાઈએ તે જમાનામાં સરકારી નોકરી છોડી માત્ર રૂ પાંચમા અને આજે માત્ર રૂપિયા ૨૦ માં દર્દીને નિદાન કરી દવા આપવા સુધીની સેવાઓ સતત પચાસ વર્ષથી કરી રહ્યા છે.

અહીં આજે પણ જૂના જમાનાનાં મૂલ્યોને સાચવી તેને વળગી રહી અડીખમ ઉભા રહેનારા પ્યારભાઈ હાલાણી, મનજીબાપા તળાવિયા અને મગનભાઈ સોહાગીયા જેવા છાંયડાઓ વંડા ઉપર છે.

## રાજુલા તાલુકાના વિકટરમાં અગાઉના મનદુખના કારણે હુમલો

**ગાળો બોલી લાકડી અને ઢીકાપાટુનો માર મારી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી,
રાજુલા તાલુકાના વિકટરમાં અફજલભાઈ ઈદ્રીસભાઈ કુરેશી હાલ સાવરકુંડલા મુળ વિકટર વાળાને ઈનાયત રહેમાન ગાહા સાથે અગાઉ જગડો થયેલ. જે તા.૧૧-૪ ના વિકટર પોતાના ઘરે જરૂરી કાગળો લેવા જતા તું અહીંયા શુંકામ આવ્યો છો તેવું જણાવી ઈનાયત રહેમાન, રિજવાન રફીક, રફીક ગાહાએ ગાળો બોલી લાકડી અને ઢીકાપાટુનો માર મારી ધમકી આપ્યાની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલામાં નવા પીએસઆઇ શ્રી મોરીનો સપાટો : બેફામ દોડતા વાહનો ઉપર રોક

**૯૦ કેસ કરી દંડ વસુલ્યો : ગામમાં થતુ આડેધડ પાર્કીંગ અટકી ગયું ઝુંબેશ શરૂ રહે તેવી લાગણી**

રાજુલા,
રાજુલા શહેર માં વારંવાર સર્જાતાં ટ્રાફિક ને લઈ ને સતત ૨ દિવસ થી પોલીસ કાર્યવાહી કરી રહી છે અહીં પી.આઈ.યુ.ડી.જાડેજા, નવ નયુક પ્રોબેશનલ પી.એસ.આઈ. પી.એન. મોરી હિતુભાઈ સહીત પોલીસ સ્ટાફ ધ્વરા શહેર અને હાઈવે ના વિસ્તાર માં વાહન ચાલકો સામે કાર્યવાહી કરી હતી જેમાં ૭ વાહનો ડિટેઈન કર્યા ૯૦ જેટલા એન.સી.કેસ ૧૦,૫૦૦ રોકડો દંડ ફટકાર્યો જેને લઈ ને વાહન ચાલકો માં ફફડાટ વ્યાપી ગયો હતો

અહીં પોલીસ સતત ૨ દિવસ થી આડેધડ વાહનો મુકનાર સામે કાર્યવાહી કરી રહી છે જેને લઈ ને વાહન ચાલકો માં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે તો કેટલાક રાહદારી વેપારી ઓ એ ટ્રાફિક ને લઈ ને રાહત નો શ્વાસ લીધો હતો

# ઉનાના બસસ્ટેન્ડમાં લઘુશંકાનો વસુલાતો રૂા.૨નો ચાર્જ

**એટીઆઇને ફરિયાદ કરતા જયાં જવું હોય ત્યાં જાવ તેવો ઉધ્ધત જવાબ આપ્યો**

રાજુલા,
ઉના એસ.ટી.ડેપોમાં લઘુશંકા કરવા માટે રૂા. ૨ ચાર્જ વસુલવામાં આવે છે. છતાં પણ કોઈ પગલા લેવાતા નથી.

રાજુલામાં રહેતા મિતલબેન યોગેશભાઈ કાનાબાર આજે ઉનાથી તાલાળા જવા માટે ઉનાના ડેપોમાં આવેલ અને બાથરૂમ ગયેલ ત્યારે રૂા.૨ ચાર્જના માંગેલા તેમાં ના પાડતા રકજક થયેલી બાદમાં એટીઆઈને ફરિયાદ કરી તો તેમણે પણ જયાં જવું હોય ત્યાં જવા કહયું અને ઉધ્ધત વર્તન કરતા ડેપો મેનેજરને ફોન કર્યો પણ ડેપોમેનેજરે ફોન ઉપાડયો જ નહિં

બાદમાં કોન્ટ્રાકટરને ફરિયાદ કરતા તેમણે એવું જણાવ્યું કે, હું સાહેબોને સાચવું છું કહી ઉધ્ધત જવાબ આપ્યા અંગે મીતલબેન યોગેશભાઈ કાનાબારે એસ.ટી.ની ફરિયાદ બુકમાં ફરિયાદ કર્યાનું જણાવ્યું છે અને જવાબદારો સામે કડક પગલા લેવા માંગ કરી છે.

# અમરેલી શહેર જિલ્લાભરમાં આજે ડો.આંબેડકર જયંતિ ઉજવાશે

**જિલ્લાભરમાં ઠેર-ઠેર શોભાયાત્રાઓ, હારતોરા, પ્રાસંગીક પ્રવચનો અને ભીમભજનો સહિતના કાર્યક્રમો**

**જન્મજયંતિની ઉજવણી નિમિતે વિવિધ ક્ષેત્રનાં આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમો**



અમરેલી,અમરેલી શહેર અને જિલ્લાભરમાં આજે બંધારણના ઘડવૈયા ડો.આંબેડકરની જન્મજયંતિ નિમિતે ભવ્ય ઉજવણીનાં આયોજનો થયા છે. અમરેલી ધારી ખાંભા રાજુલા જાફરાબાદ લીલીયા બાબરા લાઠી સહિતના તાલુકા મથકો અને જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઉજવણી કાર્યક્રમો યોજાનાર છે જેમાં ઠેર-ઠેર શોભાયાત્રાઓ સાથે હારતોરા ફૂલહાર અને રાત્રીના ભીમભજન સહિત આગેવાનો દ્વારા પ્રાસંગીક પ્રવર્ચનો સહિતના કાર્યક્રમો યોજાનાર છે તે માટે દલિત આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. જિલ્લાભરમાં આજે કાર્યક્રમોને અનુલક્ષીને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે.

## ધારીમાં આજે ડો.આંબેડકર જયંતિ ઉજવાશે

**ડીવાયએસપી શ્રી માવાણીના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક મળી**

ધારી,

ધારીમાં આજે ડો.આંબેડકર જન્મજયંતિ ઉજવણીનું આયોજન થયું છે જેમાં સર્વજ્ઞાતિના લોકોને વ્યક્તિગત આમંત્રણ અપાયા છે.

ધારીના લાયબ્રેરીચોકથી નિકળનાર રેલીમાં ૩ હજાર ઉપરાંતના લોકો જોડાશે. કાર્યક્રમમાં શાંતિ જળવાય રહે તે માટે સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

રેલી પૂર્ણ થયે જી.એન.દામાણીના હાઈસ્કુલના પટ્ટાંગણમાં મહાસભા યોજાશે જેમાં વક્તાઓ દ્વારા પ્રાસંગીક પ્રવર્ચનો કરાશે.

કાર્યક્રમ સફળ બનાવવા શાંતિલાલ પરમાર, ભીખુભાઈ રાઠોડ, જીતુભાઈ વાણીયા, હિંમતભાઈ ખેતરીયા, સંજયભાઈ માધડ, હરેશ દાફડા, હિતેષભાઈ અને ગોવિંદભાઈ બગડા, સુરેશ દાફડા સહિત જહેમત ઉઠાવી રહયા છે.

### ભાવનગરમાં આજે આંબેડકર જયંતિ ઉજવાશે

ભાવનગર, નાયબ નિયામક ભાવનગર દ્વારા સરકારી કુમાર અને કન્યાછાત્રાના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓની ગાંધીસ્મૃતિ ભાવનગરથી જશોનાથ ચોક સુધી સવારે ૭ કલાકે રેલી અને ડો.બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમ તથા સાંજે ૬ કલાકે ડો.આંબેડકર ભવન ખાતે પ્રાસંગીક પ્રવચનો અને રાત્રીના ૮:૩૦ કલાકે લોકડાયરો યોજાશે. કાર્યક્રમનો લાભ લેવા જણાવ્યું છે.

## ખાંભામાં આજે સામાજીક સમરસતા સંમેલન મળશે

**ગુજરાત પ્રદેશ ભાજપનાં બેચરભાઇ ગોહિલની ઉપસ્થિતિ**

અમરેલી,

ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચા દ્વારા આજે ડો.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિતે સામાજીક સમરસતા સંમેલન યોજાનાર છે. પ્રદેશ ભાજપ દ્વારા રાજયમાં દરેક જિલ્લામથકોએ કાર્યક્રમોનું આયોજન થયું છે તે મુજબ અમરેલી જિલ્લામાં ખાંભા ખાતે રામદેવપીર મંદિરે સાંજે ૭ કલાકે પ્રદેશ ભાજપના શ્રી બેચરભાઈ ગોહિલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે તેમ જણાવાયું છે.

## વિજપડીમાં ડો.આંબેડકર જન્મ જયંતિ અંતર્ગત શાંતિ સમિતિની બેઠક મળી

**પોલીસે કાયદો વ્યવસ્થા અંગે બેઠકમાં ચર્ચા વિચારણા કરી**

વિજપડી,

વિજપડીમાં ડો.આંબેડકર અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક પોલીસ દ્વારા બોલાવાય હતી જેમાં પી.એસ.આઈ.ડી.કે.સરવૈયા અને સ્ટાફે કાયદો વ્યવસ્થા અંગે ચર્ચા કરી હતી. દરેક સમાજનાં આગેવાનો બેઠકમાં ઉપસ્થિત રહયા હતાં જેમાં આસુબેન ખોખર, ઉપસરપંચ મુકેશભાઈ રાઠોડ વગેરે આગેવાનો ઉપસ્થિત રહયા હતાં તેમ સમીર ખોખરે જણાવ્યું છે.

## જાફરાબાદમાં સમસ્ત ખારવા સમાજ માછીમાર બોટ એસોસીએશનનાં પ્રમુખની બિનહરિફ વરણી કરાઇ

**ખારવા સમાજની બેઠકમાં પ્રશ્નોની ચર્ચા કરી પ્રમુખ તરીકે શ્રી માલાભાઇ વંશ અને શ્રી રાજેશભાઇ છનાભાઇ બારૈયાની બિનહરિફ વરણી કરી**



જાફરાબાદ,

જાફરાબાદમાં ખારવા સમાજ બોટ એસોસીએશનની બેઠક મળી હતી જેમાં દરવર્ષની જેમ આ વર્ષે પણ પ્રમુખની વરણી કરવામાં આવી હતી. આ મીટીંગમાં માછીમારોને લગતા પ્રશ્નો અને સુવિધાઓની ચર્ચા વિચારણા કર્યા બાદ ખારવા સમાજ બોટ એસોસીએશનનાં પ્રમુખ તરીકે માલાભાઈ કાનાભાઈ વંશ તેમજ રાજેશભાઈ છન્નાભાઈ બારૈયાની બિનહરિફ નિમણુંક કરવામાં આવી હતી

જેને ખારવા સમાજના પટેલ નારણભાઈ બાંભણીયા તેમજ નરેશભાઈ બારૈયા અને ખારવા સમાજના આગેવાનો તથા સમસ્ત માછીમારો દ્વારા આવકારી અભિનંદન પાઠવેલ છે.

## ચલાલા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક મળી

**ડો.આંબેડકર જન્મજયંતિ અનુલક્ષીને બેઠકમાં વિચાર વિમર્શ કરાયો**

ચલાલા,

ચલાલામાં ડો.આંબેડકર જન્મજયંતિ અનુલક્ષીને પીએસઆઈ શ્રી બોરીસાગર અને સ્ટાફે શહેરના આગેવાનોની શાંતિ સમિતિની બેઠક યોજી હતી. આ શાંતિ સમિતિની બેઠકમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે અને સુલેહશાંતિનો ભંગ ન થાય તે માટે ઉપસ્થિત આગેવાનો પાસે સુચનો અને વિચારો જાણ્યા હતાં અને પીએસઆઈ શ્રી બોરીસાગરે માર્ગદર્શન આપ્યું હતું આ બેઠકમાં ચલાલા ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી, ક્ષત્રિય સમાજના આગેવાન મનુભાઈ ધાધલ, હમીરભાઈ વાળા, મુકેશભાઈ રાઠોડ, મુસ્લિમ સમાજના કાશુભાઈ ગઢધઈ, લાલાબાપુ દેવમુરારી, અશોકભાઈ કાથરોટીયા, ધીરૂભાઈ સોડીંગલા, ભરતભાઈ મકવાણા, ચતુરભાઈ સહિત જુદા જુદા સંગઠનો અને સમાજનાં લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં. તમામ આગેવાનોને પી.એસ.આઈ. શ્રી બોરીસાગરે આવકાર્યા હતાં અંતમાં તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વડિયાના મોટા ઉજળામાં પરિણિતાને ત્રાસ અપાયો

**સાસરીયાઓએ મહેણા ટોણાં મારી ખોટી શંકા કરી માર માર્યાની ફરિયાદ**

અમરેલી,

વડિયા તાબાના મોટા ઉજળામાં રહેતી સુમિતાબેન ચતુરભાઈ ચૌહાણને પતિ ચતુર કાનજી ચૌહાણ, સાસુ મુક્તાબેન, સસરા કાનજીભાઈ અવાર નવાર મહેણાં ટોણાં મારી બ્યુરીપાર્લરમાં કામ કરવા બાબત બોલાચાલી કરી ખોટી શંકાઓ કરીને માર માર્યાની વડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદના ભાડમાં ગ્રામજનોના ડરથી પરિવારની હીજરત

**રહેણાંક મકાનમાં તોડફોડ કરી પરિવારનું સર્વસ્વ લુંટી લેવાયું : આ ઘટનાથી ભારે ચકચાર**

અમરેલી,

જાફરાબાદ તાલુકાના ભાડ ગામે ગામના લોકોએ ભેગા મળીને દેવીપૂજક પરીવારને સામૂહિક રીતે માર મારીને હિજરત કરવા માટે મજબૂર કર્યા બાદ તેમના બંધ પડેલા મકાનમાં તોડફોડ કરીને ઘરવખરી સહિત બે લાખનો સામાન ઊઠાવી જવાતા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની વિગતો મુજબ જાફરાબાદ તાલુકાના ભાડ નામે રહેતો એક દેવીપૂજક યુવાન આ જ ગામે રહેતા સામત બચુ સાંખટની દિકરી ગીતાને ભગાડીને લઈ ગયો હતો અને બાદમાં ગીતાની કૂવામાંથી લાશ મળી આવી હતી જે "કરણમાં કાળુ દેવાયત વાઘેલાના પરિવારજનો સામે ફરિયાદ નોંધાઈ હતી. આ મુદ્દે આ દેવીપૂજક પરિવારના ઘરે ગ્રમજનો એકત્રિત થયા હતા અને ધાકધમકી કરીને માર માર્યો હતો જેના કારપે આ ,રિવારને પોતાની ઘરવખરી પણ છોડીને તાત્કાલીક નામમાંથી હિજરત કરવાની ફરજ પડી હતી. એક વ"ાં સુધી આ ગામમાં આ પરિવારે "વેશ કર્યો નહોતો. દરમિયાન તેમના બંધ મકાનમાં ઘૂસી જઈને માલસામાનની તોડફોડ કરવામાં આવી હતી અને કિંમતી સામાન ચોરી જવાયો હતો. જેમાં સોનાની ચાર તોલાની સટ રુ. ૩૦હજાર, ૩ તોલાની કાનની કડી રુ.૬૦હજાર, બે તોલાનો સોનાની જૂનો ચેન રુ. ૨૦ હજાર, ૧ તોલાની સોનાની નાકની નથ રુ. ૩હજાર, ૧ કીલોના ચાંદીના કડલા રુ. ૪૦ હજાર, ચાુદીના સરલીયા રુ.૫૦૦ તેમજ તાંબા, પિત્તળના વાસણો, ઘવખરી મળીને કુલ રુ. ૧.૭૩ લાખની મત્તાની ચોરી થઈ હતી.

## નાગેશ્રીના ભાડા ગામે અઢી માસ બાદ ચોરીનો ગુનો દાખલ કરાયો

**સોના ચાંદીના દાગીના, વાસણો, ઘરવખરી મળી કુલ રૂા. ૧.૭૩૦૦૦ ચોરીની ફરિયાદ**

અમરેલી,

નાગેશ્રી પોલીસ સ્ટેશન નીચેના ભાડાગામે સામતભાઈ બચુભાઈ સાંખટની દિકરી ગીતાને ભગાડી લઈ ગયેલ ત્યારબાદ ગીતાની લાશ કુવામાંથી મળેલ તે બનાવમાં કાળુભાઈ દેવાયતભાઈ વાઘેલાના દિકરા તથા તેના કુટુંબીના નામ આરોપી તરીકે આપેલ જે બનાવથી ગામમાં રોષ ફેલાતા ગામ ભેગું થઈ કાળુભાઈ વાઘેલાના દેવીપુજક વાસમાં જઈ તેમના પરિવારને માર મારતા બીકના કારણે ઘરવખરી સહિત ખુલ્લા મકાન મુકી જતા રહેલ. તે સમયે તેમના અવાવરૂં મકાનમાંથી સોના ચાંદીના દાગીના વાસણો સહિત ઘરવખરીનો માલસામાન મળી કુલ રૂા.૧.૭૩.૦૦૦ ની ચોરી કરી ગયાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## શેલણામાં પૈસાની પઠાણી ઉઘરાણી કરતા આધેડે ઝેરી દવા પી જતા મોત

**૧૨ લાખ વ્યાજે લીધેલ જે વ્યાજ સહિત ચૂકવી આપવા છતાં અવાર નવાર પઠાણી ઉઘરાણી કરતા લીધેલું પગલું**

અમરેલી,

સાવરકુંડલા તાલુકાના વંડા પોલીસ સ્ટેશન નીચેના શેલણાં ગામે ઘનશ્યામભાઈ ઉકાણીએ વીરા સામત રબારી રે.ઘોબા તેમજ જગદિશ ગોવિંદ રે.જીથરી તા. શિહોર વાળા પાસેથી ૧૨લાખ વ્યાજે લીધેલ જે રકમ ચૂકવી આપવા છતાં અવાર નવાર રૂબરૂ અને ફોનથી વ્યાજની પઠાણી ઉઘારણી કરી વિરા સામત રબારીએ ટ્રેકટર બળજબરીથી લઈ અજય મેરામ પાસેથી રૂા.૨૪ લાખ વ્યાજે લીધેલ હોય જેથી અજય મેરામે ૨૪ વિઘા જમીન બળજબરીથી ખાતે કરાવી લીધેલ તેમ છતાં વ્યાજના પૈસાની પઠાણી ઉઘારણી કરી ત્રાસ આપતા અને મરી જવા માટે મજબુર કરતા ઘનશ્યામભાઈએ તા.૩૦-૧ ના રોજ ઝેરી દવા પી મૃત્યું પામ્યાની વંડા પોલીસ મથકમાં મૃતકના પુત્ર ભૌતિકભાઈ ઉકાણીએ ફરિયાદ નોંધાવી છે.

**કલેકટરશ્રી આયુષ ઓકની અધ્યક્ષતામાં**

## અમરેલીમાં ઇન્દ્રધનુષ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની રસીકરણ બેઠક યોજાઇ

**તા.૩૦ એપ્રિલ ૨૦૧૮'આયુષ્યમાન ભારત'અંતર્ગત મેડીકલ કેમ્પોનું આયોજન**



અમરેલી,

ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના સા.કુંડલા,બગસરા તેમજ કૂંકાવાવ તાલુકાના ત્રણ ગામો અનૂમે ગીનીયા,નવા ઝાંજરીયા,જુના બાદનપુર ગામે તારીખ ૨૩/૦૪/૧૮ થી ૨૭/૦૪/૧૮ દરમ્યાન મીશન ઈન્ધનુષ કાર્યૂમ યોજાશે.જેમાં સગર્ભા માતાઓને તથા ૦ થી ૨ વર્ષના બાળકોને રસીથી રક્ષીત કરવામાં આવશે.

તથા તા.૩૦ એપ્રિલ ૨૦૧૮' આયુષ્યમાન ભારત'અંતર્ગત મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવશે.આ કાર્યૂમને સફળ બનાવવા કલેકટરશ્રી આયુષ ઓક અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ નીરગુડે આરોગ્ય વિભાગને દરેક બાળક રસીકરણ માટે આવરી લેવાય તેવુ સુચારૂ આયોજન કરવા જણાવ્યું હતું.

અધિક કલેકટરશ્રી ડોબરીયા તેમજ ડૉ.આનંદ સોનાટકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતું.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.જયેશ પટેલ દ્વારા લોકોને આ કાર્યૂમનો બહોળો લાભ લેવા અપિલ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

આ બેઠકમાં ડૉ.એ.કે.સિંઘ સહિત મેડીકલ ઓફીસરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલાના ઘુડિયા આગરીયામાં સમાધાનની ના પાડતા હુમલો

**પાઇપ છરી વડે માર મારી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી,

રાજુલા તાલુકાના ઘુડિયા આગરીયામાં સુરેશભાઈ કદાભાઈ વાડદોરીયા મુળ ધારી લાઈનપરા હાલ ઘુડિયા આગરીયા વાળાએ માવજી પુના, બુગા પુના, રવજી પુના, દિનેશ વાલજી સામે અગાઉ અમરેલીના રાજુલા કોર્ટમાં મારામારી તેમજ સુરેશભાઈની ભત્રીજી ભગાડી જવા બાબત ફરિયાદ કરેલ તે મનદુખના કારણે સમાધાન કરવાનું જણાવતા ના પાડતા ઉશ્કેરાય પાઈપ અને છરી વડે ઈજા પહોંચાડી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલાના અમુલીમાં રસ્તા ખુલ્લા કરવા અને ગંદકી દુર કરવા અમરેલીમાં ઉપવાસ આંદોલન

**પ્રતિક ધરણાંના બે દિવસ પૂર્ણ થયા : ૧૬ મી થી અન્નજળનો ત્યાગ**

અમરેલી,રાજુલાના અમુલી ગામે રહેતા મુકેશભાઈ ઉકાભાઈ બોરીચાએ અમુલી ગામે મફત પ્લોટના રસ્તા ખુલ્લા કરવા તેમજ રહેણાંક મકાન પાસેના ઉકરડાં (ગંદકી) દુર કરવા માંગણી સાથે અમરેલી કલેકટર કચેરીના પટ્ટાંગણમાં બે દિવસથી પ્રતિક ધરણાં શરૂ કર્યા છે. છેલ્લાં એક વર્ષથી કચેરીઓના ધક્કા ખાધા છતાં ન્યાય ન મળતા ૧૨/૪/૧૮ થી પોતાના પરિવાર સાથે ધરણાં કર્યા છે હવે ન્યાય નહિં મળે તો ૧૬/૪/૧૮ થી અન્નજળનો ત્યાગ કરી આંદોલન ઉગ્ર બનાવાશે તેમ જિલ્લા વિકાસ અધિકારીને અરજી પાઠવી રજૂઆત કર્યાનું મુકેશભાઈ ઉકાભાઈ બોરીચાએ જણાવ્યું છે.

## જિલ્લામાં પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ૯ શરાબીઓ ઝડપાયા

**પોલીસે ટીંગલી થયેલાઓને જેલની હવા ખવડાવી સરભરા કરી**

અમરેલી,અમરેલી જિલ્લામાં પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ધીરૂ શામજીભાઈ પરમાર રે.નવાગામ દામનગર, જયંતિ હરજી સોલંકી રે.જાફરાબાદ, જેરામ રામ વાઘેલા રે.વિરડી, પ્રાગજી લાલજી પડછું રે.હાલ હુડકો સોસાયટી હાથસણી રોડ, અશોક મોહન યાદવ રે.અમરેલી, ઈમરાન અહેમદ જાખરા રે.સાવરકુંડલા, રામજી ઉર્ફે ખડીયાવાળો વોરાભાઈ સોલંકી રે.જાફરાબાદ, ભગુ ઉર્ફે બુઢલાવાળો બચુભાઈ સોલંકી રે.જાફરાબાદ, ભપુત બાવભાઈ બારૈયા રે.ભેરાઈવાળાને નશો કરેલ હાલતમાં પોલીસે ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી.



# ધારી-બગસરા-ચલાલા-ખાંભાના વર્તમાન



### ગ્રામપંચાયતના ઉપસરપંચ શ્રી જીજ્ઞેશગિરિ દ્વારા પગાર પ્રશ્ને નિકાલ લાવવા માંગણી સાથે

# ધારીમાં ૬૦૦ કર્મચારીઓના પગાર નહી ચુકવાય તો ૧૭મીથી ઉપસરપંચના અનશન

**શિક્ષકો, તલાટીમંત્રીઓ, ગ્રામપંચાયત અને તાલુકા પંચાયતના કર્મચારીઓના બાકી પગાર મુદ્દે અલ્ટિમેટમ : બજેટ મંજુર ન થયુ હોવાથી તમામ વ્યવહારો અટવાઇ પડયા**

**પગાર પ્રશ્ને અવારનવાર રજુઆતો કરવા છતાં પણ કોઇજાતનો ઉકેલ ન આવતા છસો કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાતા ઉપસરપંચ જીજ્ઞેશગીરીએ લડત આપવા તૈયારી કરી**

ધારી

ધારી તાલુકા પંચાયતમાં અવિશ્વાસની દરખાસ્ત મુકાયા બાદ બજેટ મંજૂર ન થયુ હોવાથી નાણાકીય વ્યવહારો ઠપ્પ થઈ ગયા છે જેના કારણે તાલુકા પંચાયતના માધ્યમથી પગાર મેળવતા કુલ ૪૬૫થી વધુ પ્રાથમિક શિક્ષકો તલાટીમંત્રીઓ અને ખુદ તાલુકા પંચાયતનો જ સ્ટાફ મળી ૯૨ જેટલા કર્મચારીઓ અને ગામપંચાયતના કુલ ૫૦ કર્મચારીઓની છેલ્લા ત્રણ માસની પગાર ગ્રાન્ટ આવેલી પડી છે ત્યારે અન્ય કામો ભલે પેઈન્ડિંગ રહે પણ કર્મચારીઓના પગાર પણ અટકાવી રાખવા જે સદંતર અન્યાય કહેવાય તેવી નિસ્વાર્થ લાગણી સાથે ધારીના લોકપ્રિય ઉપસરપંચ જીજ્ઞેશગિરિ ગોસાઈએ ૧૭ મી સુધીનુ અલ્ટિમેટમ આપ્યું છે અન્યથા તાલુકા પંચાયત કચેરી સામે જ ઉપસરપંચ અનશન આદરશે

ધારીના ઉપસરપંચ જીજ્ઞેશગિરિ ગોસાઈએ અંદાજીત ૬૦૦થી પણ વધારે પગાર વંચીત કર્મચારીઓ માટે અનશન કરવાની જે તૈયારી બતાવી છે તે બાબત અત્યંત પ્રશંસનીય અને નિસ્વાર્થ છે તેઓએ વિકાસ કમિશ્નર, જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર, એસ.પી., એસ.ડી.એમ., મામલતદાર, પી.એસ.આઈ., મુખ્યમંત્રી, જિલ્લા અને તાલુકા ભાજપ પ્રમુખ તેમજ સાંસદ સહિતનાને લેખીત પાઠવી જણાવ્યું છે કે કર્મચારીઓના હક્કમાં ખાસ ઓર્ડર પ્રસારીત કરી પગારનુ ચૂકવણી કરી આપવામાં આવે અન્યથા આગામી ૧૭ મી ને મંગળવારથી જ અનશન કરી કર્મચારીઓના હક માટે તંત્રને ઢંઢોળવામાં આવશે

## આજ સુધી ઉપસરપંચ જીજ્ઞેશગિરીએ કરેલા અનશન કયારેય પણ નિષ્ફળ નથી ગયા



હર હમેશા નિસ્વાર્થ ભાવે લોકોના હિત માટે અનશન પર ઉતરી આવતા લોકપ્રિય ઉપસરપંચ જીજ્ઞેશગિરિ ગોસાઈએ અત્યાર સુધીમાં જયાં જયાં પણ અનશન કર્યા છે તે સફળ જ થયા છે ગામપંચાયતના કર્મચારીઓ દિવાળી સમયે પગાર વિહોણા હતા અને તેમના અનશનને કારણે પગાર ચૂકવવામાં આવેલ ધારી શહેરના મેઈન રોડ પર ડામર કામ તેમના જ અનશન કરવાથી શકય બન્યું હતું આજે લોકો તેના પર સરળતાથી ચાલી અને દોડી રહ્યાં છે વીજ કંપની સામે તેમણે કરેલા અનશનથી તુરંત અસરથી પોલ બદલવા પડેલ આટલુ જ નહીં અજડ જંગલખાતા સામે બે મહિના સુધી મોરચો ખોલી બેઠેલા ધારાસભ્યને સફળતા નહોતી મળી પણ જડ ખાતાએ માત્ર ત્રણ કલાકમાં જ જીજ્ઞેશગિરિની તમામ માંગણી સ્વીકારી લીધી હતી

# ખાંભાના સમઢીયાળામાં શ્રી રામચરિત માનસ જ્ઞાનયજ્ઞ યોજાશે

**બાપાસીતારામની મઢુલી ખાતે જ્ઞાનયજ્ઞમાં વિવિધ ધાર્મિક પ્રસંગોની ઉજવણી સાથે દરરોજ રાત્રીના ભજન કિર્તન સહિતના કાર્યક્રમો યોજાશે : સંતો મહંતો અને ભાવિકજનોની વિશાળ ઉપસ્થિતિ : ભારે ઉત્સાહ**

અમરેલી,

ખાંભાના સમઢીયાળા-૨માં બાપાસીતારામની મઢુલી ખાતે શ્રી રામચરિત માનસ જ્ઞાનયજ્ઞ યોજાનાર છે જેમાં પોથીયાત્રા તા.૧૮ બપોરે ૩ કલાકે નીકળ્યા બાદ કથાનો પ્રારંભ થશે

અને તા.૨૬-૪-૧૮ ગુરૂવારે બપોરે કથાની પૂર્ણાહૂતિ થશે.

આ કથા દરમિયાન રામલગ્ન શેતુબંધ રામેશ્વર, શિવવિવાહ, રામવિવાહ, રામરાજય અભિષેક, બાળલીલા, હનુમાન પ્રાગટય જેવા પ્રસંગો ઉજવાશે.સવારે ૮ થી૧૨ અને બપોરે ૩ થી ૬ કથાનો અને દરરોજ રાત્રીના ભજન-કિર્તન અને ધૂનનો લાભ લેવા આયોજકો વતી જણાવાયું છે.

## અવધ ટાઇમ્સ આપણે ગામ

### અમરેલી થી ચલાલા જતા રોડ પર આવેલા

# બગસરાના લુંધીયા પંથકના ગામોને જોડતા માર્ગોની હાલત સાવ બિસ્માર

**ચેકડેમોની હાલત જર્જરીત : ચેકડેમ ઉંડા ઉતારી રીપેર કરવા જરૂરી : માત્ર એક જ બસ અને તે પણ અનીયતમીય હોવાથી મુશ્કેલી પુલ સાંકડો હોવાથી ચોમાસામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી ડેરીપીપરીયા સંપમાંથી મહિનું પાણી મળે તો ગામને સગવડતા મળી રહે તેમ છે**







બગસરા,

બગસરા તાલુકાના લુંધીયામાં પ્રાથમિક શાળાની સ્થાપના ૧૯૧૫ માં જૂનું બિલ્ડીંગ હતું નવું બિલ્ડીંગ ૨૦૧૫/૧૬ માં બનાવેલ છે જેમાં ૮ રૂમ ધો. ૧થી ૮ માં ૨૫૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. આચાર્ય સહિત ૬ શિક્ષકો છે બાળકોને મધ્યાહ્નભોજન આપવામાં આવે છે. કોમ્પ્યુટરલેબ છે વાંચનાલય તેમજ પાણીની સુવિધા છે મીટીંગમાં કે રજા પર શિક્ષકો જતા મુશ્કેલી પડે છે. શાળાકીય વર્ષ દરમિયાન પ્રવાસ શિષ્યવૃતિ પરિક્ષામાં ધો.૮ના ૩વિદ્યાર્થી મેરીટમાં આવેલ. ધો.પમાં એક વિદ્યાર્થી બાલાચડીની પરિક્ષામાં પાસે થયેલ છે. નવોદય શાળામાં ૧ થી ૨ વિદ્યાર્થીઓ દરવર્ષે જાય છે. ગામમાં રોડ રસ્તાનો અભાવ છે લુંધીયાથી બગસરા મેઈનરોડ લુંધીયાથી ભટ્ટવાવડી, લુંધીયાથી કાગદડી, સાપર, સમઢીયાળાવાળો રોડ અતિ બિસ્માર હાલતમાં છે. લુંધીયાથી મોણવેલ રોડ પણ બિસ્માર હાલતમાં છે તેથી આ બધા રોડ તાત્કાલિક બનાવવા પડે તેમ છે ચેકડેમો જર્જરીત તૂટી ગયેલ છે જેમને સરકાર દ્વારા ઉંડા ઉતારી રીપેર કરવા જરૂરી છે. ગામમાં એક જ બસ બે વખત લુંધીયા બગસરા અને તે પણ અનિયમીત આવે છે જેથી વિદ્યાર્થીઓને પરિક્ષા વખતે મુશ્કેલી પડે છે. આ બાબતે સરપંચ શ્રી દ્વારા એસ.ટી.ડિવિઝનમાં ડીસી તેમજ બગસરા ડેપોમાં અવાર નવાર રજૂઆત કરી છે આ ગામનો ખાસ પ્રશ્ન એ છે કે નદીના સામાકાઠે હાઈસ્કુલ છે જેમાં વિદ્યાર્થીઓને ચોમાસામાં મુશ્કેલી પડે છે. એલ આકારનો પુલ સાંકડો અને નીચો છે જેથી ચોમાસામાં પાણી આવતા મુશ્કેલી પડે છે. વાહનચાલૂકોનો પણ અકસ્માતનો ભય રહે છે ચોમાસામાં એસ.ટી.બસ પણ ત્રાસી થઈ ગઈ હતી. ચોમાસામાં સામાકાઠાના લોકોને ભયજનક સ્થિતિ હોય છે. અગાઉ આ ગામ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં હતું હાલ અમરેલી જિલ્લાના બગસરામાં ત્રણ વર્ષથી સમાવેશ કરવામાં આવેલ છે. ગામથી ૧૦ કિમી દુર મહિપરીએજનો સંપ છે. ઘોડાસણથી આવતું પાણી અહીં સુધી પુરૂં ફોર્સથી પહોંચતુ નથી જેથી માત્ર ચાર કિમી દુર ડેરીપીપરીયા સંપમાંથી પાણી આપવામાં આવે તો ગ્રામજનોને સગવડતા મળી રહે સ્મશાન છાપરી ઘણી જુની છે. જેથી હાલ સ્મશાન રીનોવેશન કરવું પડે તેમ છે જેમાં સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ મળે તે જરૂરી છે. સીમ વિસ્તારમાં રોઝ-ભૂંડનો ત્રાસ સતાવી રહયો છે. વીજળી વારા પ્રમાણે સીમ વિસ્તારમાં ૮ કલાક મળે છે. સરકાર દ્વારા ચેકડેમ તળાવ ઉંડા ઉતારવાની કામગીરી મે મહિનામાં શરૂ કરે તો ખેડૂતોને કોઈ લાભ મળી શકે નહિં જેથી સરકાર દ્વારા આ કાર્યવાહી માર્ચ મહિનામાં શરૂ કરવી જોઈએ. કપાસના વાવેતર થતા ફેબ્રુઆરીથી ખેતરો ખાલી પડતા વહેલા ચેકડેમ તળાવ ઉંડા ઉતારવામાં આવે તો ખેડૂતોને ખેતરોમાં માટી ઠાલવવા માટે ઉપયોગમાં લઈ શકાય.

## અવધ ટાઇમ્સ આપણે ગામ

### અમરેલી થી ચલાલા જતા રોડ પર આવેલા

# અમરેલી નજીક આવેલા રોડ કાંઠાના માળીલામાં નવો સંપ બને તો ગ્રામજનોને પાણીની રાહત રહે

**સીમમાં ભુંડ અને રોઝડા ખેતી પાકોને નુકશાન કરે છે : ગ્રામસભા નિયમીત મળે છે પણ પ્રશ્નોનો ઉકેલ આવતો નથી : ભુર્ગભ ગટરની કોઇ સુવિધા નથી**







અમરેલી

અમરેલીથી ચલાલા જતા રોડ પર આવેલા માડીલા ગામમાં ૭૦૦ ની વસ્તી છે. અને સરપંચ તરીકે ચનાભાઈ અને ઉપસરચંચ તરીકે હરેશભાઈ સંધાણી સેવા આપે છે. પટેલ કાઠી સહીત તમામ જ્ઞાતીઓ વસે છે. આ ગામમાં તળનુ પાણી ખારુ છે. તેથી મીઠું પાણી મેળવવા વાડીઓમાં જવુ પડે છે. પચાંયતનો બોર છે તે પીવા લાયક નથી.અને સંપ બને તોજ રાહત થાય તેમ છે. સીમમાં રોઝ અને ભુંડ પાકને નુકશાન કરે છે. ગામના તલાટીમંત્રી ઈનચાર્જ છે. ગ્રામ સેવક અઠવાડીયે જોવા મળે છે.જયોતિગ્રામમાં હોવાથી પુરતો પાવર મળે છે. અહિં ગ્રામસભા નિયમીત મળે છે. પરંતુ પ્રશ્નોનુ નિરાકરણ થતુ નથી.શાળામાં શિક્ષકો ઘટે છે. અને થુર્ગભ ગટર બનાવવી જરૂરી છે.

ગામમાં આતરીક રાજકારણને કારણે વિકાસ કામોને અસર થાય છે.જોકે ગામમાં એક્તા અને ભાઈચારો છે. પરંતુ રાજકારણની કારણે વિકાસ રૂંધાયો છે.સરકાર તરફથી મળતી ગ્રન્ટો પણ વપરાતી નથી અને પરત જતી રહે છે. જો ચેક ડેમ બને અને પાણીનો નવો સંપ બને ત, રાહત રહે તેમ છે. તેમ ઉપ સરપંચ અશોકભાઈ સંધાણી ભરતભાઈ બાવચંદભાઈ ભોળાભાઈ પરસોતમભાઈ અને બાવચંદભાઈ કેશુભાઈ એ જણાવ્યુ હતુ.

# બગસરાના બાલાપુર પ્રાથમિક શાળા વિશ્વફલક ઉપર ચમકી

**સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ગાણીતીક પ્રવૃતિઓની નોંધ રોમનયા દેશનાં વિશ્વગણીત મેગેઝિનમાં લેવાઇ**



બગસરા,

બગસરાના બાલાપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ગાણીતીક પ્રવૃતિઓને ગત માર્ચ ૨૦૧૮ માં રોમાન્ય દેશમાંથી બહાર પડતા વિશ્વકક્ષાના ગણીત મેવીઝન રોમન્યન મેથેમેટીકલ મેગેજીનમાં પ્રસિધ્ધ કરી નોંધ લેવાતા સમગ્ર બાલાપુર વિસ્તારમાં શિક્ષણ જગતમાં ખુશી વ્યાપી છે.

બાલાપુર શાળાના બાળકો જેનિસ સોજીત્રા, હાર્દિક માંડવીયાએ ગાણિત પજલ બનાવી ગણિત પ્રવૃતિમાં આંતરરાષ્ટ્રીય પલક ઉપર છવાયેલી ઓલઈન્ડિયા શાળાના શક્ષિક વિપુલભાઈ ઠાકરના માર્ગદર્શનથી અવનવા સંશોધન કરી આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ રોશન કર્યુ છે.

રોમાન્ય મેથેટિક, મેથેમેટિકલ મેગેજીનમાં તેની નોંધ લેવાઈ છે આ સિધ્ધી બદલ શાળાના બાળકો તથા આચાર્યને રમણીકભાઈ ગજેરા, વિપુલભાઈ ઠાકર, કેયુરભાઈ ઢોલરીયા, સંગીતાબેન સોરઠીયા, જયબાળાબેન જોષીને ઓલઈન્ડિયા રામનુઝ મેથ કલબના વર્લ્ડમેન ડો.ચંદ્રમોલી જોષીએ અભિનંદન આપી બિરદાવ્યા છે.

# ખાંભાના ડેડાણની પ્રાથમિક કુમાર શાળાને સીસી કેમેરાની સૂવિધા મળી

**રાજય સરકારના સહયોગથી સીસી કેમેરા મુકાયા**

ડેડાણ,

ડેડાણ પ્રાથમિક કુમારશાળામાં રાજયસરકારની સહાયથી પ્રથમ વખત જ સીસી કેમેરા મુકવામાં આવ્યા છે. શાળામાં કેમેરા મુકાતા ડેડાણના પત્રકાર બહાદુરભાઈ હિરાણીએ રાજય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સીસી કેમેરાથી બાળકોને અભ્યાસ તેમજ બાળકોની શારીરીક, માનસીક સ્થિતિ અંગે ખ્યાલ આવશે.

બાળકો શાળામાં શું કરે છે તે પણ વિગતો મળશે. શાળાના આચાર્ય નરેશભાઈ સોલંકી, શ્રી સાવલીયા, શ્રી લાલભાઈ અને બહાદુરભાઈ હિરાણીએ સીસી કેમેરાનું સ્થળનિરિક્ષણ કર્યુ હતું.

